# આચાર્ય જોઈએ છે.

સરસ્વતી વન વિદ્યા મંડળ સંચાલિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ માંડવી જિ. સુરત (ગ્રાન્ટ-ઇન-એઇડ) માં આચાર્યની ખાલી પડેલ જગ્યા ભરવા માટે ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્રકમાંક :ક્વટ/ISC-૮/આ. ભરતી/૨૦૨૫/૨૩૬૬૯/૭૦ તા.૧૬/૧૦/૨૦૨૫ મુજબ યુ.જી.સી. ગાઈડલાઇન્સ તેમજ સરકારશ્રીના ઠરાવોની વખતો વખતની સુચનાઓ અને જોગવાઇઓ અનુસાર કોલેજમાં ચાલતા પ્રવાહના વિષયના આચાર્યની ભરતી કરવા મંજુરી મળેલ છે. નિયત લાયકાત ધરાવતા ઉમેદવાર પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

## ઉમેદવારની શૈક્ષણિક લાયકાત

૧. ઉમેદવાર યુ.જી.સી.ની ૩૦ જુન ૨૦૧૦ અને ૧૮ જુલાઇ ૨૦૧૮ ની માર્ગદર્શિકા તથા શિક્ષણ વિભાગના ઠરાવ એનજીસી/૧૦૨૦/CHE-૨૧૯/ખ. તા. ૨૪/૦૫/૨૦૨૧ થી નિયત કરેલ વખતો-વખતના ઠરાવ પ્રમાણે લાયકાત ધરાવતા હોવા જોઈએ.

૨. માન્ય યુનિવર્સિટીમાંથી ઓછામાં ઓછા ૫૫% સાથે અનુસ્નાતક ડિગ્રી તથા Ph.D ની ડિગ્રી ધરાવતા હોવા જોઈએ. ઉમેદવાર વર્તમાન સમયમાં સરકારશ્રી/યુ.જી.સી. રેગ્યુલેશન પ્રમાણે કોલેજ/યુનિવર્સિટી કે ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં પ્રોફેસર/એસોસિએટ પ્રોફેસરના પગાર ધોરણ/ગ્રેડ પે (સાતમા પગાર પંચ મુજબ) માં પ્રમોશન તથા અનુભવ શિક્ષણ વિભાગના ઠરાવની જોગવાઇઓ મુજબ તથા યુ.જી.સી. ના ધોરણો અનુસાર હોય જેની નોંધ સેવાપોથીમાં સરકાર દ્વારા અધિકૃત અધિકારી દ્વારા સહી-સિક્કા કરી પ્રમાણિત કરેલ હોવું જોઈએ, સાથે ઓછામાં ઓછા ૧૫ વર્ષનો શૈક્ષણિક / સંશોધન ક્ષેત્રે સેવાનો અનુભવ ધરાવતા હોવા જોઈએ. તેમજ ફોર્મ-૧૬ આઈ.ટી.રિટર્ન સામેલ રાખવું.

૩. યુ.જી.સી. રેગ્યુલેશન-૨૦૧૮ પારા 4.1V(A) મુજબ પીઅર રિવ્યુડ અથવા યુ.જી.સી. સૂચિબધ્ધ જર્નલમાં ઓછામાં ઓછા ૧૦ રીસર્ચ પેપર્સ તથા પરિશિષ્ટ-૨, કોષ્ટક-૨ મુજબ કેટેગરીમાંથી ઓછામાં ઓછી ત્રણ કેટેગરીનો ન્યુનતમ રીસર્ચ સ્કોર ૧૧૦ હોવો જોઈએ.

૪. નોકરી કર્તા ઉમેદવાર સંસ્થાનું એન.ઓ.સી. જોડવાનું રહેશે.

૫. અધુરી વિગતોવાળી અને સમય મર્યાદા બાદ આવેલ અરજી ગ્રાહ્ય રહેશે નહીં.

૬. ઉમેદવાર ભારતીય નાગરિક હોવા જોઈએ તેમજ કોઈપણ સંસ્થા કે સરકારશ્રીમાં ગુનાહિત રેકર્ડ ધરાવતા ન હોવા જોઈએ.

૭. લાયકાત ધરાવતા ઉમેદવારે નિયત નમૂનામાં અરજી પોતાના સરનામાવાળું કવર ઉપર રૂ.૫૫/-ની ટપાલ ટિકિટ ચોટાડીને તેમજ તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ,સ્નાતક, અનુસ્નાતક, Ph.D રીસર્ચ. એ.પી.આઈનું ગણતરી પત્રક, અનુભવના પ્રમાણપત્રોની સ્વ.પ્રમાણિત નકલ અન્ય જરૂરી ડોક્યુમેન્ટ સાથે જાહેરાત પ્રસિધ્ધ થયાના દિન-૨૫ માં ટ્રસ્ટશ્રીને રજીસ્ટર પોસ્ટ.એડી થી નીચે જણાવેલ સરનામે અરજી મોકલવાની રહેશે.

૮. ભરતી સંબંધી જરૂરી અરજી નો નમૂનો તથા સંદર્ભ ઠરાવો સંસ્થાની વેબસાઇટ www.artsandcommercecollegemandvi.com પર ઉપલબ્ધ છે.

તાઃ ૧૮-૧૨-૨૦૨૫

**અરજી મોકલવાનું સરનામું : માનનીય પ્રમુખ/મંત્રીશ્રી સરસ્વતી વન વિદ્યા મંડળ માંડવી, ટેલિફોન ઓફિસ પાસે કીમ રોડ માંડવી, જિ. સુરત -૩૯૪૧૬૦ (ગુજરાત)**